**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૮ ટકા

# તબેલાની સબસીડીમાં લાંચ લેનાર અધિકારી ઝડપાયા

**એસીબીની ટીમે સે-૧૧ રાધે સ્વીટસ સામે છટકું ગોઠવી કલાસ-૨ ઓફીસરને રંગે હાથ લાંચ સ્વિકારતા પકડયો : અન્ય યોજનાઓમાં પણ ઉઘરાણા કર્યાની શંકાને પગલે રિમાન્ડ મેળવવા તજવીજ : એસ.ડી.એસ. ટેસ્ટ કરાવવા એફએસએલ લઈ જવાય તેવી શકયતા**

ગાંધીનગર, તા.૧

એનીમલ હસબન્ડરી ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડનો આસી. ડાયરેકટર તબેલા બનાવવા મળતી સબસીડી મંજુર કરવા તે રકમના ૩૦ ટકા રકમ લાંચ પેટે આપવાની માંગણી કરતો હોવાની ફરિયાદ એસીબીને થતા ગઈ મોડી સાંજે ગાંધીનગર એસીબીએ સેકટર-૧૧માં રાધે સ્વીટસની સામે ટ્રેપ ગોઠવી હતી. કલાસ-૨ અધિકારીને રૂ. ૨.૪૦ લાખની લાંચ સ્વીકારતા રંગે હાથ પકડી પાડીને ગાંધીનગર એસીબીએ તેની ઝીણવટભરી તપાસ અને પુછપરછ શરુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગરમાં જુના સચિવાલય બ્લોક નં. ૭ ખાતે સ્થિત એનીમલ હસબન્ડરી ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં કલા-૨ આસી. ડાયરેકટર તરીકે ફરજ બજાવનાર નરશીભાઈ ગાંડાભાઈ પટેલ કલાસ-૧ અધિકારીનો ચાર્જ સંભાળતા હતા. ડેપ્યુટી ડાયરેકટરની પોસ્ટ કચેરીમાં હોવા છતાં આસી. ડાયરેકટરે લાગવગ કરીને વહીવટી સત્તાઓ પોતાની પાસે રાખી હોવાનું ધ્યાને આવ્યું છે. પશુપાલકોને તબેલા બનાવવા માટેની, સેન્દ્રીય ખાતરની, ગૌચરમાં ઘાસ ઉગાડવા સહીતની વિવિધ



યોજનાઓના લાભ બોપલ ખાતે રહેતા આ અધિકારી નરશીભાઈ પટેલે વિવિધ લાભાર્થીઓને સબસીડી પેટે આપવાના હોય છે. આ અધિકારી લાખો રૂપિયાની સબસીડીની રકમનાં અમુક ટકા હિસ્સો લાંચ પેટે માંગતા હોવાની ફરિયાદ એસીબીને મળી હતી. ગાંધીનગર એસીબી પી.આઈ. કે.આર. ડાભી, એચ.એસ. આચાર્ય તથા તેમની ટીમે ગઈ મોડી સાંજે સે-૧૧ રાધે સ્વીટસ સામે ટ્રેપ ગોઠવી હતી. લાભાર્થીને તબેલા માટે મળતી સબસીડીની રકમના ૩૦ ટકા લેખે રૂ. ૨.૪૦ લાખની લાંચ માંગનાર અધિકારી નરશીભાઈને એસીબીએ ટ્રેપ ગોઠવીને સે-૧૧ માંથી રંગે હાથ લાંચ સ્વિકારતા પકડી પાડવામાં આવ્યા હતા. આ અધિકારીએ અગાઉ અન્ય કેટલા લાભાર્થીઓની સબસીડી મંજુર કરવા લાંચ માંગી છે? તે ઉપરાંત અન્ય યોજનાઓમાં પણ આ પ્રકારે લાંચ લેતા હતા? તે સહીતની વિગતો બહાર લાવવા એલસીબીએ ઉંડી તપાસ શરુ કરી છે તે ઉપરાંત એફએસએલ ખાતે એસડીએસ ટેસ્ટ કરાવવા લઈ જવાય તેવી પણ શકયતા છે. એસીબીની ટીમે આજે તેની ઓફીસમાં પણ સર્ચ કર્યું હતું.

## @ગાંધીનગર

● સમર્પણ પરિવાર દ્વારા ધ્યાન યોગ શિબિર તા. ૨ થી ૯ જૂન દરમિયાન વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સે-૨૨ સમય સવારે ૭.૧૫ થી ૯.૧૫ અને સિવિલ હોસ્પિટલ કેમ્પસ-છ ટાઈપ કવાટર્સ સે-૧૨ ખાતે સાંજે ૭.૧૫ થી ૯.૧૫ તથા પ્લોટ નં. ૧૩૬૯/૨ સેકટર-૪-ડી ખાતે સાંજે ૪.૪૫ થી ૬.૪૫ તથા પ્લોટ નં. ૩૪/૨ સેકટર-૩ ન્યુ ખાતે સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન યોજાશે.

● મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો હિનાબેન જયેશકુમાર સોલંકી, સે-૫-બી પ્લોટ નં. ૬૨૨/૨, બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો શ્રી રંગ પરિવાર દત્ત મંદિર, સે-૨૮ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

# અમિયાપુર બસ સ્ટેન્ડ પાસેથી બુલેટની ટક્કરે બાઈકચાલક વૃધ્ધનું મૃત્યુ

**ધો-૧૦ પાસ થયેલા પૌત્રને બાઈક પાછળ બેસાડી દાદા મોટેરાની સ્કુલમાં એડમિશન કરાવવા લઈ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત નડયો : પૌત્રની હાલત ગંભીર : બુલેટ ચાલક પણ ઘાયલ**

ગાંધીનગર, તા.૧

તપોવન સર્કલથી કોબા સર્કલ તરફ જતા માર્ગ પર આવતા અમિયાપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી બાઈક પર જતા દાદા-પૌત્રને બેફામ જતા એક બુલેટ ચાલકે અડફેટે લેતા દાદા-પૌત્ર ગંભીર રીતે ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં દાખલ દાદા-પૌત્ર પૈકી દાદાનું સારવાર દરમિયાન મધરાતે મૃત્યુ નિપજયું હતું. જયારે પૌત્રની હાલત અતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. તો બીજી તરફ બુલેટ ચાલકને પણ ફ્રેકચર થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

તપોવનથી કોબા તરફ જતા અમિયાપુર બસ સ્ટેન્ડ પાસે ગઈ કાલે બાઈક અને બુલેટ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ૧૭ વર્ષીય પૌત્ર વિરાજ ઠાકોર ધોરણ-૧૦માં પાસ થયા બાદ ગઈ કાલે તેને એડમિશન પ્રોસેસ માટે મોટેરા ખાતે તેના દાદા રઘુજી સનાજી ઠાકોર બાઈક પાછળ બેસાડીને લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન અમિયાપુર બસ સ્ટેન્ડ નજીક બુલેટે જબરદસ્ત ટકકર મારતા બાઈક નં. જીજે ૧૮ સીસી ૯૭૭૦ લઈને જતા દાદા-પૌત્રને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગુજરાત વિદ્યાપીઠમાં લાયબ્રેરીયન તરીકે ફરજ બજાવીને બે વર્ષ પહેલા નિવૃત્ત થયેલા દાદા રઘુજીને ગંભીર ઈજાઓને પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન રાત્રે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. તો બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલા પૌત્ર વિરાજ પણ જીવન મરણ વચ્ચે હોસ્પિટલમાં ઝોલા ખાઈ રહ્યો છે. અડાલજ પોલિસે કે.એ. ૦૧ એચ.એફ. ૨૪૫૫ નંબરના બુલેટ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે. બુલેટ ચાલક પણ ફ્રેકચર થઈ જતા હોસ્પિટલાઈઝડ હોવાનું જાણવા મળ્યું છે.



સ્વચ્છતા અભિયાન દેશભરમાં ઉપાડવામાં આવ્યું તો છે પરંતુ જે રીતે આ દેશના નાગરિકો અને તંત્ર સ્વચ્છતા બાબતે ઉદાસિનતા સેવે છે તે જોતા આ અભિયાનને સફળ બનાવવું તે એક મોટો પડકાર છે. ગાંધીનગરમાં સે-૨૪માં જયાં સ્વચ્છતા અભિયાન માટેની મોટી પ્રચાર જાહેરાત લગાડાઈ છે તે જ વિસ્તારની હાલત આ અભિયાનના લીરેલીરાં ઉડાડે છે. તંત્રને અહીં સ્વચ્છતા અભિયાનની જાહેરાત કરવાનું તો સુઝયું પરંતુ આ વિસ્તારની સફાઈ કરવાનું કયારે સુઝશે તે તો રામ જાણે...!!

## વાતવાતમાં

● ગુરુવારે તા. ૧લી જુને રાજયના ૩૭ ધારાસભ્યોનો જન્મદિવસ હતો. આ ધારાસભ્યોમાં ભાજપ અને કોંગ્રેસ બંને મુખ્ય પક્ષોના ધારાસભ્યોનો સમાવેશ થાય છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં તા. ૧લી જુને એક સાથે ૬ જેટલા કર્મયોગીઓનો જન્મદિવસ ઉજવાયો હતો. આ નિમિત્તે શાખામાં કેક મંગાવી સમૂહ જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**લક્ષ્મી એમ વાઘવાણી**

**ગાંધીનગર ગમે**

સ્વચ્છ, સુંદર, શાંત અને હરિયાળું ગાંધીનગર સ્વાસ્થ્યવર્ધક છે. સિવિલ હૉસ્પિટલની મૅડિકલ કૉલેજ અને ઑડિટોરિયમ ધ્યાનાકર્ષક છે. તમામ સર્કલ્સ પરના ફુવારા, લાઈટીંગ તથા સજાવટ ગાંધીનગરની શોભામાં વધારો કરે છે. આ બધાં કારણોસર ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

સરકારી કર્મચારીઓ ઉપરાંત સારા ડૉક્ટર્સ, ઍન્જિનીયર્સ, વકીલો, રાજનેતાઓ ઉપરાંત સંત, મહંતો પણ ગાંધીનગરમાં વિપુલ પ્રમાણમાં છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

મહિલાઓ, સિનિયર સિટિઝન્સ માટેની સંસ્થાઓ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમ, થનગનાટ જેવી કલા સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નાગરિકોમાં સ્વયંશિસ્તની જરૂર છે. ઉપરાંત અભણો, બાળકોને મફત શિક્ષણ ને વૃધ્ધાશ્રમોમાં રહેતાં વૃધ્ધોને ઘરે પરત મોકલવા જેવાં કામો માટે નિવૃત્ત કર્મચારીઓ દિવસમાં એકાદ કલાક આપે તો ઘણું કામ થઈ શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ઉપરાંત નગરના વિકાસમાં જ્યાં મારી જરૂર હશે ત્યાં હું હંમેશાં મારી સેવા માટે તત્પર છું.

# નિસર્ગની ઈન્ડસ્ટ્રીયલ એકસ્પોઝર ટૂર યોજાઈ

**વિદ્યાર્થીઓએ મધુર ડેરી, સાયન્સ સીટી તથા ઈસરો જેવી સંસ્થાઓની મુલાકાત લીધી**



ગાંધીનગર, તા.૧

વિદ્યાર્થીઓ વેકશનમાં વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરી રજાઓનો સદુપયોગ કરે તથા નવું જ્ઞાન પ્રાપ્ત કરે તે હેતુથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'ઈન્ડસ્ટ્રીયલ એકસ્પોઝર ટુર' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુરમાં વિદ્યાર્થીઓએ મધુર ડેરી, સાયન્સ સીટી, ઈસરો તથા ભાવિક પ્રિન્ટીંગ પ્રેસ જેવી સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ ટુરમાં કુલ ૬૩ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ઈન્ડસ્ટ્રીયલ એકસ્પોઝર ટુરના પ્રારંભે જ ગાંધીનગરની સુવિખ્યાત મધુર ડેરીની મુલાકાત લઈ વિદ્યાર્થીઓએ દૂધ તથા દૂધની બનાવટો અંગેની પ્રક્રિયા, ઓટોમેટિક પ્લાન્ટ, પેકિંગ ટેકનિકસ વગેરે નિહાળી હતી તથા જીજ્ઞાસાને સંતોષતી માહિતી પણ પ્રાપ્ત કરી હતી. વિશાળ ઓટોમેટિક મશીનોની કામગીરી જોઈ વિદ્યાર્થીઓ રોમાંચિત થયા હતા. ત્યારબાદ જલુંદ ખાતેના ભાવિક પ્રિન્ટિંગ પ્રેસની મુલાકાત લઈ પ્રિન્ટીંગ ટેકનોલોજી, કટિંગ, ડિઝાઈનીંગ, કલર તથા બાઈન્ડિંગ સહિતની પ્રક્રિયા નિહાળી હતી. પ્રિન્ટિંગ પ્રેસના મેનેજર સુરેશભાઈએ વિદ્યાર્થીઓને રસપ્રદ માર્ગદર્શન પુરું પાડયું હતું. અહીંથી વિદ્યાર્થીઓને ઈસરો લઈ જવાયા હતા જયાં ઈન્ચાર્જ હિમાંશુભાઈ પંડયાએ બાળકોને ઈસરોના ઈતિહાસથી માંડીને પીએસએલવી, જીએસએલવી રોકેટ તથા સેટેલાઈટ અંગે રસપ્રદ માહિતી પુરી પાડી હતી. બાળકોને આગામી ૫મી જુને અવકાશમાં છોડાનાર જીએસએલવી મેક-૩ સહિતના રોકેટસના મોડેલ્સ બતાવવામાં આવ્યા હતા તેમજ 'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન' નામની સાયન્સ ફિકશન ફિલ્મ પ્રદર્શિત કરાઈ હતી.

ટૂરના અંતમાં વિદ્યાર્થીઓએ સાયન્સ સીટી ખાતે વિજ્ઞાન સાથે ગમ્મતની મોજ માણી હતી. અહીં તેમણે હોલ ઓફ સાયન્સ, પ્લેનેટ અર્થ, ઈલેકટ્રોડોમ, એનર્જી એજયુકેશન પાર્ક, લાઈફ સાયન્સ પાર્ક, મ્યુઝિકલ ફાઉન્ટેન, એમ્ફી થીએટર વગેરેની મુલાકાત લીધી હતી તથા આઈમેકસ થીએટરમાં 'બોર્ન ટુ બી વાઈલ્ડ' થ્રીડી ફિલ્મની મજા માણી હતી. આ ટુરમાં વસંતભાઈ પટેલ અને નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા જોડાયા હતા. ટૂરના આયોજન માટે શિવાંગ પટેલ, વિવેક મકવાણા, જિતેન્દ્ર ઠાકોર તથા હરિસિંહ માજીરાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સે-૧૫ ફતેપુરા ખાતે વિશ્વ તમાકુ નિષેધ દિન અંતર્ગત કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧

સમગ્ર વિશ્વમાં ૩૧મી મેનો દિવસ 'વર્લ્ડ નો ટોબેકો ડે' તરીકે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ઉજવાય છે. આ અનુસંધાને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર દ્વારા ફતેપુરા સેકટર-૧૫ ખાતે શ્રી ચામુંડા માતાના મંદિર પરિસરમાં એક આગવી કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ તમાકુ સેવનથી થતી શારિરીક અને માનસિક અસરો વિશ્વ કક્ષાએ તથા ભારતકક્ષાએ તેની વિપરીત અસરોથી બાળકો, યુવાનો મહિલાઓ, સગર્ભા અને ધાત્રી મહિલાને થતી શારિરીક અસરો અને મૃત્યુ, ભયંકર રોગના ભોગ અંગે માહિતી આપી હતી. સાથે સાથે 'ધ સીગરેટસ એન્ડ અધર પ્રોડકટસ' - પ્રોહીબીશન ઓફ એડવર્ટાઈસમેન્ટ એન્ડ રેગ્યુલેશન ઓફ ટ્રેડ એન્ડ કોમર્સ, પ્રોડકશન સપ્લાય એન્ડ ડીસ્ટ્રીબ્યુશન એકટ ૨૦૦૩ અંગે વિસ્તૃત જાણકારી પુરી પાડી હતી. પી.એલ.વી. સીતારામભાઈ પટેલે વ્યસનમુકિત અંગે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ફતેહપુરાના સ્થાનિક આગેવાનો ચંદુજી ઠાકોર, બબાજી, ગણપતજી રતાજી વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગરમાં ચોથી જુને પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ખાતે સાડા ત્રણ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. ચાલુ માસની તા. ૪થી જૂનના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે.

# ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે વિપશ્યના ધ્યાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સગર્ભા બહેનો માટે સમગ્ર ગુજરાતમાં ચાલતા ૨૨ 'તપોવન સંશોધન કેન્દ્રો'માં લેન્ડમાર્ક એજયુકેશન સંસ્થા થકી ચાલતા સેલ્ફ એકસપ્રેશન અને લીડરશીપ પ્રોગ્રામના ભાગરૂપે 'વિપશ્યના ધ્યાન' દ્વારા 'વિશ્વશાંતિ' નામના પ્રોજેકટ સાથે જોડાયેલા બીનાબેન એચ. પટેલ અને તેમની ટીમના સભ્યોએ વિપશ્યના ધ્યાનના સવા કલાકના કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



જેમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના રજિસ્ટ્રાર, અન્ય સ્ટાફ તથા તપોવન સંશોધન કેન્દ્રની સગર્ભા બહેનો હાજર રહ્યા હતાં.

વિપશ્યના એટલે જે જેવું છે તેને તેવું જ જાણવું. એક એવી સરળ અને અસરકારક ધ્યાનવિધિ છે કે જે અસરકારક જીવન જીવવાનો ઉપાય છે. વિપશ્યના એ સ્વાવલંબનની ઉત્કૃષ્ટ સાધના છે જેમાં વ્યકિત સ્વયં સતત સચેત, જાગૃત રહી વિસ્તૃત મનને સંકુચિત કરી સ્થિર કરી જે-તે ઘટના કે વસ્તુ જેવી છે તેવી જોવાની, સાચી રીતને અમલમાં મૂકવાનો અભ્યાસ કરે છે.

# રાયસણ પેટ્રોલપંપ સામેથી દારૂની બોટલો સાથે બે પકડાયા

ગાંધીનગર, તા.૧

ઈન્ફોસીટી પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીની સુચનાથી તેમના ડીસ્ટાફના માણસો ગઈ રાત્રે પેટ્રોલીગમાં હતા તે દરમિયાન એએસઆઈ પુનમભાઈને બાતમી મળી હતી કે રાયસણ પેટ્રોલપંપ સામે રોયલ આમલેટની લારી પાસે દારૂનો વેપલો થાય છે. તેને આધારે રેડ પાડી ત્યાંથી એક શખ્સને પકડી વધુ પુછતાછ કરીને પોલિસે બોટલો રાંદેસણના જે ખેતરમાં સંતાડી હતી ત્યાં પહોંચી હતી. પોલિસે ૧૬ વિદેશી દારૂની બોટલો જપ્ત કરીને ધોળકુવાના રાજુ ભવાન ઠાકોર અને રાંદેસણના નવલ ફતેસિંહ ગોહીલની ધરપકડ કરી લીધી હતી તો બીજી તરફ રાંદેસણનો સુત્રધાર અરવિંદ ફતેસિંહ ગોહિલ ફરાર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલિસે મુદ્દામાલ જપ્ત કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# શનિવારે 'વહુ હાઈ-ફાઈ સાસુ વાઈ-ફાઈ' નાટક યોજાશે

ગાંધીનગર, તા.૧

શિવધરા ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન મનોરંજન સભર કાર્યક્રમો આપવાની ફાઉન્ડેશનની નેમ મુજબ મુંબઈ અને ગુજરાતમાં ધૂમ મચાવનાર હાઈફાઈ કોમેડી નાટક 'વહુ હાઈ-ફાઈ સાસુ વાઈ-ફાઈ' તા. ૩-૬-૨૦૧૭ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે યોજાશે.

# રવિવારે શહેરમાં 'હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન

ગાંધીનગર, તા.૧

હંમેશા દિવસની શરૂઆત તમે ઉત્સાહથી કરો તો તમારો આખો દિવસ પ્રફુલ્લિત પસાર થાય છે અને આ આદત નિયમિત કેળવવાથી ધીમે ધીમે જીવન પણ પ્રફુલ્લિત બને છે. આજના યુગમાં માનવીએ સુખ સગવડ માટે ઉપકરણો તો વસાવી લીધા પરંતુ જીવનને તણાવભર્યું બનાવી દીધું છે. આ તણાવથી દૂર રહેવાનો એક માત્ર ઉપાય છે શકય હોય તેટલી મનગમતી પ્રવૃત્તિ કરવી અને 'હેપ્પી' રહેવું. અનેક શહેરોમાં આ કારણે 'હેપ્પી સ્ટ્રીટ'ના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે જેને બ્હોળો પ્રતિસાદ સાંપડયો છે. હવે પ્રથમવાર ગાંધીનગરમાં પણ રવિવારે 'હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન કરવામાં આવ્યું છે.

**રવિવારે સવારે ઘ-૪ નજીક સવારે ૬ થી ૯ દરમિયાન યોજાશે : ઝુમ્બા ડાન્સ, ગૃપ ડાન્સ, રોડ પેઈન્ટિંગ્સ, એમએમએ શો, મ્યુઝિક શો સાથે સેલ્ફી ઝોનની મસ્તી**

ગાંધીનગરની જાણીતી સંસ્થા આપણું ફાઉન્ડેશન તથા મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૪થી જુન રવિવારે સવારે ૬ થી ૯ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ પાસે સ્વર્ણિમ પાર્કની બાજુના ગુડા સાયકલ સ્ટેન્ડ માર્ગે હેપ્પી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવ્યું છે. આ હેપ્પી સ્ટ્રીટમાં ઝુમ્બા ડાન્સ, ફન ગેમ્સ, રોડ પેઈન્ટિંગ્સ, એમએમએ શો, ગ્રુપ ડાન્સ તથા મ્યુઝિક શો યોજાશે. આ સાથે અહીં સેલ્ફી ઝોન પણ હશે. જયાં હેપ્પી સ્ટ્રીટમાં હેપ્પી થયેલા નાગરિકો પોતાની વિવિધ સેલ્ફી લઈ શકશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન આપણું ફાઉન્ડેશન દ્વારા મારું ગાંધીનગર, પૂજન ફાઉન્ડેશન, એમએમએ ફિટનસ જીમ તથા હેપ્પી યુથ કલબના સહકારથી કરવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પુરાબેન પ્રભાતભાઈ રબારી, ઉ.વ. ૭૮
- સ્વ. ઠાકોર કચરાજી રામાજી, ઉ.વ. ૫૧